Extra No. 166

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, JUNE 22, 2026 / ASADHA 1, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

વાંચ્યો :-

(૧) ગુજરાત સરકારના ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા:૦૮/૧૦/૧૩

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્ર નં.એલઆઈબી/જાહેરનામુ/૮૪૭/૨૦૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પી.ઓ.એલ-૨/જાહેરનામું/વશી/૫૫૪/૨૦૨૬(૮).-ભુતકાળમાં આતંકવાદી તત્વો ધ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલ્કત હાની કરવામાં આવેલ, આવી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે. જેથી રાજયના અને જીલ્લા/ તાલુકા કક્ષાએ શોપીંગ મો લ, રેલ્વે સ્ટેશનો, એસ.ટી. ડેપો, મંદીરો, હોસ્પીટલો(ખાનગી તથા સરકારી), એ.ટી.એમ.સેન્ટરો, મલ્ટીપ્લેક્ષ થિયેટરો, કોમર્શીયલ સેન્ટરો, શોપીંગ સેન્ટરો, શોપીંગ મોલો તેમજ મોટી જનમેદની એકત્ર થતી હોય તથા અવર જવર કરતી હોય તેવી જગાઓએ તથા કાર્યક્રમોના સ્થળોએ યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા રાજ્ય કક્ષાએ ઉચ્ચ કક્ષાની બેઠક યોજી રાજય સરકારે રાજયના સમગ્ર જિલ્લાઓમાં સલામતી અને સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ રીતે જળવાય તે માટે જરુરી સુચનાઓ આપેલ છે. વધુમાં આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ વાહનોમાં પેટ્રોલ-ડીઝલ-સી.એન.જી.ગેસ પુરાવા પેટ્રોલ પંપનો ઉપયોગ કરે છે. હાઈવેની હોટલો, લોજ, ગેસ્ટ હાઉસો વિગેરેનો ઉપયોગ કરે છે. આવા રાષ્ટ્રવિરોધી તત્વો,લુંટારાઓ, ધાડપાડુઓની ગેરકાયદેસર પ્રવૃત્તિને કારણે જીવ જોખમાય છે, મિલ્કતોને હાની પહોંચે છે, નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. તેમ જ સોના ચાંદીના શો રૂમ/ બેંક/ શરાફી પેઢી/ મંડળી (નાણાં ધીરનાર સંસ્થા), આંગડીયા પેઢી વિગેરેમાં લુંટ, ધાડ, ચીલ ઝડપ તથા ચોરી અને નજર ચુકવી વસ્તુઓ/રોકડ લઈ જવાના બનાવો બનતા રહે છે. જેથી સાબરકાંઠા જિલ્લામાં અમલવારી કરાવવા સુરક્ષા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ આ પ્રકારના જાહેર જીવનને પ્રતિકૂળ અસર કરતા આતંકી, ગેરકાયદેસરના કૃત્યોને અને પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. એવા વ્યકિતઓ ઉપર ખાસ વોચ અને સર્વેલન્સ રાખવું અતિ આવશ્યક છે.

સાબરકાંઠા જિલ્લામાં શોપીંગ મોલ, રેલ્વે સ્ટેશનો, એસ.ટી. ડેપો, મંદીરો, હોસ્પીટલો (ખાનગી તથા સરકારી), બેંક વિસ્તારો, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટીપ્લેક્ષ થિયેટરો કોમર્શીયલ સેન્ટરો, શોપીંગ સેન્ટરો તેમજ મોટી જનમેદની એકત્ર થતી હોય તથા અવર જવર કરતી હોય તેવી જગાઓએ તથા કાર્યક્રમોના સ્થળો, પેટ્રોલ પંપ, હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ, સોના ચાંદીના શો રૂમ/ બેંક/ શરાફી પેઢી/ મંડળી(નાણાં ધીરનાર સંસ્થા),આંગડીયા પેઢી, ટોલ પ્લાઝા, જાહેર પાર્કીંગ, બોડીંગ, ધર્મશાળા, અતિથી ગૃહ, વિશ્રામગૃહ, પાવર હાઉસ (સબ સ્ટેશન), બહુમાળી બિલ્ડીંગ, ભોયરા, રેસ્ટોરન્ટ, ખાનગી તેમજ સરકારી સંસ્થાઓમાં સ્થળના/ માલીકોએ અથવા વહીવટકર્તાઓએ એન્ટ્રી ગેટ, એકઝીટ ગેટ, પાર્કીંગ, પાછળના વિસ્તાર તેમજ અંદરના તમામ વિસ્તારમાં સી.સી.ટી.વી કેમેરા (નાઈટ વિઝન તથા હાઈડેફીનેશન)થી સર્વેલન્સ અને રેકોડીંગ હોવુ અતિ આવશ્યક જણાય છે. જેના

કારણે નાગરીકોની સલામતી અને જાહેર વ્યવસ્થા જળવાઈ રહે તથા આ વ્યવસ્થા કરવાથી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર નજર રાખી, આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા અટકાવવા, અને ગુનેગારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં ખુબજ ઉપયોગી થાય, તેમ હોઈ રાજય સરકારના સુચનો અમલમાં મુકવા માટે કાયદાકીય જોગવાઈઓ હેઠળ ખાસ હુકમો કરવા જરુરી હોઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડી જિલ્લામાં અમલવારી કરાવવા નીચે મુજબ હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ કરવાની અમલવારી

સાબરકાંઠા જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલ, રેલ્વે સ્ટેશનો, એસ.ટી. ડેપો, મંદીરો, એસ.ટી.સ્ટેન્ડ, હોસ્પીટલો (ખાનગી તથા સરકારી), એ.ટી.એમ.રોન્ટરો, મલ્ટીપ્લેક્ષ થિયેટરો, કોમર્શીયલ સેન્ટરો, શોપીંગ સેન્ટરો, તેમજ મોટી જનમેદની એકત્ર થતી હોય તથા અવર જવર કરતી હોય તેવી જગ્યાઓએ તથા કાર્યક્રમોના સ્થળો, પેટ્રોલ પંપ, હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ, સોના ચાંદીના શો રૂમ/ બેંક/ શરાફી પેઢી મંડળી(નાણાં ધીરનાર સંસ્થા), આંગડીયા પેઢી, ટોલ પ્લાઝા, જાહેર પાર્કીંગ, બોડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામગૃહ, પાવર હાઉસ(સબ સ્ટેશન), બહુમાળી બિલ્ડીંગ, ભોયરા, રેસ્ટોરન્ટ, ખાનગી તેમજ સરકારી સંસ્થાઓમાં સ્થળના/ માલીકોએ અથવા વહીવટકર્તાઓએ એન્ટ્રી ગેટ, એકઝીટ ગેટ, પાર્કીંગ, પાછળના વિસ્તાર તેમજ અંદરના તમામ વિસ્તારમાં ઉપર સી.સી.ટી.વી કેમેરા (નાઈટ વીઝન અને હાઈ ડેફીનેશન) વીથ રેકોડીંગ સીસ્ટમ વાળા ફીક્સ કેમેરા રાજય સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા નકકી કરેલ ગુણવત્તાવાળા જેવા કે Image-colour, image sensor 1.3" minimum, Support - TCPIP and remote monitoring, Resolution-600 TVI. Min. Compression H.264 MJPEG. System data storage-15 Day min. With Back light compensation and night vision capability એ રીતે એંગલથી લગાડવા જેથી આવી જગ્યાએ આવતા અને પરત જતા વ્યક્તિના ચહેરા, વાહનોનો રજીસ્ટ્રેશન નંબર, વાહનમાં બેઠેલા વ્યકિતઓ તથા ડ્રાઈવરનો ચહેરો સ્પષ્ટ રીતે દેખાય અને સી.સી.ટી.વી રેકોડીંગ ફુટેજ ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી જાળવવાની રહેશે તેમજ નિરીક્ષણ અને ચેકીંગ અસરકારક થાય તે માટે પુરતી સીકયુરીટીની વ્યવસ્થા દિવસ રાત ૨૪×૭ કલાક જાણવવાની રહેશે તથા સ્નીફર ડોગ પણ શક્ય હોય તો રાખવા સહીતની પુરતી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

ઉકત દરેક સ્થળોના પ્રવેશદ્વાર ઉપર સિકયોરીટી ગાર્ડ તથા મેટલ ડીટેકટર મુકવાના રહેશે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો:-

પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્ર નં.એલઆઈબી/જાહેરનામુ/૧૪૪૧/૨૦૨૬, તા. ૦૯/૦૬/૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પી.ઓ.એલ-૨/સાયકલ/ટુવ્હીલરવેચાણ રેકર્ડ/જા.નામુ/વશી/૫૬૪/૨૬(૧૪).- ગુપ્તચર સંસ્થાઓ વખતો વખતના અહેવાલો તથા ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે આતંકવાદી ધ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર, મુંબઈ અને દિલ્હી શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાનિ તેમજ માલ-મિલ્કતોને નુકસાન કરવામાં આવેલ જે જોતાં આતંકવાદી/ ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ-વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા

ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. ભુતકાળમાં આ પ્રકારના ટુ વ્હીલર વાહન ઉપર બોમ્બ બ્લાસ્ટનો બનાવ અત્રેના જિલ્લાના મોડાસા ખાતે પણ બનવા પામેલ હતો. આ સ્થિતીને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારુ સાયકલ/સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્યો કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય છે અને આવા બનાવો બનતાં ગુનેગારને પકડવામાં સરળતા રહે છે જેથી વર્તમાન રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જીલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાયકલો/સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર વાહનો વેચનારાઓ ઉપર કાયદાકીય નિયંત્રણ જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે સાબરકાંઠા જિલ્લામાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાન ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટો જ્યારે નવી તેમજ જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનુ પાલન કરવાનુ રહેશે.

(૧) નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવુ તથા તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાયવીંગ લાયસન્સ,પાનકાર્ડ,ઈલેકશન કાર્ડ,રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખકાર્ડ કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસીપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનુ પુરૂ નામ, સરનામું સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેચીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો વેચાણકર્તા કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહીતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાના રહેશે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ આદેશનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી અપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્ર નં.એલઆઈબી/લશ્કરી સૈન્ય ગણવેશ વેચાણ/જાહેરનામું/૧૪૪૦/૨૦૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પી.ઓ.એલ.-૨/જાહેરનામું/ગણવેશ/વશી-૫૫૮/૨૦૨૬(૧૯).-ભુતકાળમાં પઠાણકોટ પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન પર આતંકવાદીઓએ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો તેમજ અગાઉ પણ આ પ્રકારના હુમલાઓ થયેલ છે. રાજયના વિવિધ શહેરોમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સાથે સામ્ય ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજિક તત્વો દ્વારા દેશદ્રોહી/ગેર કાયદેસર પ્રવૃત્તિ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે તેમ છે. જેથી

આ બાબત સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ બજારમાં બીન અધિકૃત રીતે વેચાણ તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ વસ્તુઓના વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ લાવવા પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા ધ્વારા આમુખ-(૧)થી દરખાસ્ત કરેલ છે.

સબબ હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ અત્રેના જિલ્લામાં સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બીન અધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ પર મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો.:-

પોલીસ અધિક્ષકશ્રી,સા.કાં.ના પત્ર નં.એલઆઈબી/મહિલા મજુર સુવિધા/જા.ના./૧૪૩૮/૨૦૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પી.ઓ.એલ-૨/મહિલા મજુર સુવિધા/જા.નામું/વશી/૫૬૧/૨૦૨૬(૧૮).- ભુતકાળમાં વાપી, જિ.વલસાડ ખાતે બાંધકામો હેઠળના ઈમારતમાં સુતેલા બે મહિલા મજુરો ઉપર બળાત્કારનો બનાવ બનેલ. જેની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે, બળાત્કારનો ભોગ બનનાર બે મહિલાઓ અને અન્ય મજુરોને સંબંધિત મજુર ઠેકેદાર (કોન્ટ્રાકટર) ધ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરવાં આવેલ ન હતા. જેથી આવા પ્રકારની પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજુરો અને તેઓના બાળકો બળાત્કારનો ભોગ બની શકે તેવી સંભાવના રહે છે. જેથી આવા બનાવો બનતા રોકવા અથવા અંકુશ રાખવા વર્તમાન સંજોગોમાં મજુર મહિલા અને નાબાલીકા બાળકોની સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી મજુર ઠેકેદારો (લેબર કોન્ટ્રાકટર) ઉપર કાયદાકીય નિયંત્રણ જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, સાબરકાંઠા જિલ્લામાં માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠીઓ, પથ્થરની ખાણો, ખાણ વિગેરે સ્થળોએ કામ કરતાં મહિલા મજુરો અને નાબાલીકા બાળકો માટે સંબંધિત મજુર ઠેકેદારો (લેબર કોન્ટ્રાક્ટરો) ધ્વારા પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ફરજીયાત ઉપલબ્ધ કરવાનાં રહેશે. વધુમાં મજુર ઠેકેદારો (લેબર કોન્ટ્રાક્ટરો)એ નીચેની માહિતી અલગ અલગ ફોર્મમાં ભરી ફરજીયાત સ્થાનીક પોલીસ સ્ટેશનમાં મોકલવાની રહેશે તથા મજુરો જયારે મજુરી કામ કે સાબરકાંઠા જિલ્લો છોડી જતા રહે ત્યારે મજુર ઠેકેદારો (લેબર કોન્ટ્રાકટર)એ તેમના નવેસરના સરનામાની વિગતોની જાણ તુરત જ સ્થાનીક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

(નીચે મુજબના કોલમમાં માહિતી મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.)

૧	મજુર ઠેકેદાર (લેબર કોન્ટ્રાકટર)નું નામ-સરનામું તથા મોબાઈલ નંબર	
૨	મહિલા મજુર/ નાબાલીક બાળકનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	
૩	મહિલા મજુર/ નાબાલીક બાળકનું નામ તથા ઉમર (વર્ષ)	
૪	મહિલા મજુર/ નાબાલીક બાળકનું હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	
૫	મહિલા મજુર/ નાબાલીક બાળકનું મુળ વતનનું સરનામું ગામ, તાલુકો, જિલ્લો, રાજ્ય	
૬	મહિલા મજુરની હાલની મજુરીનું સ્થળ કંપનીનું નામ	
૭	મહિલા મજુર/ નાબાલીક બાળકના વતતનના સ્થાનીક પો. સ્ટે. નું નામ તથા જિલ્લો, અને ટેલીફોન નંબર	

૮	મહિલા મજુર/ નાબાલીક બાળકનું વતતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નંબર	
૯	મહિલા મજુર કયારથી મજુરી કામ માટે રાખેલ છે ?	
૧૦	મહિલા મજુર/નાબાલીક બાળકનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રૂફ (ફોટા સાથે)	
૧૧	અત્રેના જિલ્લામાં મહિલા મજુર/ નાબાલીક બાળકનું સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામા, મોબાઈલ નંબર	
૧૨	મહિલા મજુર/નાબાલીક બાળકને પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવેલ છે કે કેમ ?	

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ આદેશનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો:-

પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના પત્ર ક્રમાંક: એલઆઈબી/જાહેરનામું/૧૪૩૫/૨૦૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં. ડીસી/પી.ઓ.એલ-૨/ભાડુઆત/જાહેરનામુ/વશી/૮૫૪/૨૦૨૬(૧૫).- ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને તાજેતરમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે, ત્રાસવાદી/ અસામાજીક તત્વો સ્થાનીક જગ્યાઓએ ખોટા નામે મકાન તેમજ દુકાન / શોરૂમ ભાડે રાખી રહેણાંક તથા બજાર વિસ્તારોમાં આશરો મેળવી તેમજ કેટલીક વખત સ્થાનીક જગ્યાઓએ ખોટા નામે દુકાન/ શો રૂમ ભાડે રાખી, રાજયની મહત્વની વ્યકિતઓની યોજનાઓનો સર્વે કરી માહીતગાર થઈ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. સ્થાનીક અસામાજીક તત્વોનો પણ સહયોગ પણ મેળવતા હોય છે અને તેમની આવી પ્રવૃત્તિથી અમુલ્ય માનવ જીંદગીની ખુવારી કરી સંપત્તિને નુકસાન કરી જાહેર શાંતિ-અને સલામતી તથા કાયદો વ્યવસ્થાનો ભંગ કરવાનો બદ ઈરાદો બર લાવે છે. આથી મકાન-માડે આપતા મકાન માલીકો તેમજ દુકાન/ શો રૂમ માલિકો ઉપર થોડા નિયંત્રણો મુકી આવી પ્રવૃત્તિ અટકાવવી ઘણી જ જરૂરી હોઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈઓ આધીન નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા આથી જાહેર હિતમાં હુકમ કરુ છું કે, ત્રાસવાદી/ અસામાજીક પ્રવૃત્તિથી અમુલ્ય માનવ જિંદગીની ખુવારી કરી સંપત્તિને નુકસાન ન થાય અને જાહેર શાંતિ અને સલામતી તથા કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે આશયથી મકાન ભાડે આપતા મકાન તેમજ દુકાન/ શો રૂમના માલીકો ઉપર નીચે મુજબના થોડા નિયંત્રણો મુકવાં જરૂરી હોઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધીના ૬૦ દિવસના સમયગાળા માટે સમગ્ર જિલ્લામાં અમલમાં રહે તે રીતે મકાન માલીકોએ તેમજ દુકાન/ શો રૂમના માલીકે સત્તા આપેલ હોઈ તેવી વ્યકિતઓએ નીચેથી સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા હુકમ કરુ છું.

આથી સાબરકાંઠા જિલ્લામાં કોઈ મકાન માલીક તેમજ દુકાન/ શો રૂમના માલીક અથવા તો માલીકે સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન અને દુકાન/ શો રૂમ ભાડે અથવા અન્ય રીતે કોઈપણ વ્યક્તિને આપે ત્યારે જે તે જગ્યા સબંધીત પોલીસ સ્ટેશને નીચે દર્શાવ્યા મુજબની માહીતી આપવાની (જાણ કરવાની) ફરજ રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિ મકાન તથા દુકાન/શો રૂમ ભાડેથી અથવા અન્ય રીતે રહેવા તથા ધંધો કરવા કોઈપણ વ્યક્તિને આપી શકશે નહિ.

- મકાન માલીકનું અથવા દુકાન/ શો રૂમ માલીક વતી ભાડે આપવાની સત્તા ધરાવનારનું પુરુ નામ, મકાન માલીક તથા દુકાન/શો રૂમના માલીક જયાં રહેતા હોય તે ઘરનુ પુરુ સરનામું, ફોન નંબર/ મોબાઈલ નંબર

- જે મકાન તથા દુકાન/ શો રૂમ ભાડે આપવાનુ છે તેની સંપુર્ણ વિગત જેવી કે,

(એ) પુરુ સરનામું (મકાન નંબર, સોસાયટીનુ નામ, વિસ્તાર કે વિગેરે)

(બી) મકાનની વિગત, કેટલા રૂમ, રસોડુ તથા દુકાન/ શો રૂમની વિગત કેટલા રૂમ અન્ય વિગત, કેટલા માળનુ છે, કયો માળ ભાડે આપેલ છે વિગેરે વિગતો.

- મકાન તથા દુકાન/ શો રૂમ ભાડે આપ્યા તારીખ :

- મકાન તથા દુકાન/ શો રૂમનુ નકકી કરેલ ભાડુ

- મકાન તથા દુકાન/ શો રૂમ ભાડે આપનાર/ ભાડે લેનારનો સંપર્ક કઈ રીતે થયો.

- સંપર્ક કરાવનાર વ્યકિતનું પુરુ નામ સરનામું, ફોન નંબર/ મોબાઈલ નંબર

- ભાડે રાખનાર વ્યક્તિનો ફોન નંબર, મોબાઈલ નંબર તેમજ મકાનમાં રહેનાર તમામ વ્યકિતઓની

વિગત તથા આ પહેલાં કઈ જગ્યાએ રહેતા હતા તેની વિગતો.

અ.નં.	**પિતાનુ નામ**	**અટક**	**ઉ.વ.**	**મુળ વતનનુ સરનામું**
-----	----------	---------	------	----------
(૧)				
(૨)				

આ હુકમનો / સુચનાઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો:-

પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્ર નં.એલઆઈબી/ટ્યુશન કલાસીસ /જાહેરનામુ/૧૪૩૩/૨૦૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પી.ઓ.એલ-૨/જાહેરનામું/ફાયર સેફટી/વશી/૮૫૫/૨૦૨૬(૨૦).- ભુતકાળમાં સુરત શહેરના સરથાણાના તક્ષશિલા આર્કેડમાં ચાલતા ટ્યુશન કલાસીસમાં ગંભીર આગ અકસ્માતનો બનાવ બનેલ છે. જેમાં અમુલ્ય માનવ જીવનની અપુર્ણીય ક્ષતિ થવા પામેલ છે. જેથી

નિયમાનુસાર જરૂરી સુરક્ષા સંસાધનો અને અગ્નિશામક સુરક્ષાના "ના વાંધા પ્રમાણપત્ર " (NOC) સિવાય ચાલતી એવી સંસ્થાઓના લીધે માનવ જીવન, ખાસ કરીને નાની ઉમરના બાળકો, વિદ્યાર્થીઓ અત્યંત ભયજનક પરીસ્થિતીમાં મુકાય છે.

જેથી સુરત શહેરના સરથાણાના તક્ષશિલા આર્કેડમાં બનેલ બનાવો સાબરકાંઠા જિલ્લામાં ન બને તે સારૂ સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ તમામ સંસ્થાઓ તથા એસ.ટી.સ્ટેન્ડ/એસ.ટી.ડેપો, રેલ્વે સ્ટેશન મંદિરો, મસ્જીદો, હોસ્પિટલો (ખાનગી તથા સરકારી), એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટીપ્લેક્ષ, થિયેટરો, કોમર્શીયલ સેન્ટરો, શોપીંગ મોલ, દુકાનો, પ્રાઈવેટ ટયુશન કલાસીસ, પેટ્રોલ પંપો, સી.એન.જી./ એલ.પી.જી. પંપો, ગેસ ગોડાઉન, ટોલ પ્લાઝા, બોડીગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, પાવર હાઉસ (સબ સ્ટેશન), ઔદ્યોગિક એકમો, સહકારી સંસ્થાઓ, સરકારી તથા પ્રાઈવેટ સ્કુલ/ કોલેજ, તમામ સરકારી ઓફિસ, હોટલો, રેસ્ટોરન્ટો, બહુમાળી ઈમારતો, બગીચાઓ, પાર્ટી પ્લોટો, કોમ્યુનીટી હોલ, ટાઉન હોલ તથા મોટી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય તેવી જાહેર જગ્યાઓ ઉપર ફાયર સેફટી ઉપકરણો લગાડવા અને ફાયર સેફટી સર્ટીફીકેટ રાખવા અંગે આમુખ-(૧) ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી સાબરકાંઠાએ દરખાસ્ત કરેલ હોઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ હું લલિત નારાયણ સિંધ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો આથી નીચે મુજબ જિલ્લામાં અમલવારી કરાવવા હુકમ કરું છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હુકમતનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે..

''જાહેરનામા મુજબ કરવાની અમલવારી

સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ તમામ સંસ્થાઓ તથા એસ.ટી સ્ટેન્ડ/ એસ.ટી. ડેપો, એસ.ટી. બસ, રેલ્વે સ્ટેશન, મંદિરો, મસ્જીદો, હોસ્પિટલો (ખાનગી તથા સરકારી), એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટીપ્લેક્ષ થિયેટરો, કોમર્શીયલ સેન્ટરો, શોપીંગ મોલ, પ્રાઈવેટ ટયુશન કલાસીસ, પેટ્રોલ પંપો, સી.એન.જી./ એલ.પી.જી. પંપો, ગેસ ગોડાઉન, ટોલ પ્લાઝા, બોડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, પાવર હાઉસ (સબ સ્ટેશન), ઔદ્યોગિક એકમો, સહકારી સંસ્થાઓ, સરકારી તથા પ્રાઈવિટ સ્કુલ/ કોલેજ, તમામ કોર્ટ, તમામ સરકારી ઓફિસ, હોટલો, રેસ્ટોરન્ટો, બહુમાળી ઈમારતો, બગીચાઓ, પાર્ટી પ્લોટો, કોમ્યુનીટી હોલ, ટાઉન હોલ તથા મોટી રાંધ્યામાં જનમેદની એકઠી થતી હોય તેવી જાહેર જગ્યાઓ ઉપર માલીક/ સંચાલક/ કબજેદાર/ ટ્રસ્ટીશ્રીઓએ ફાયર સેફટી ઉપકરણો લગાડવા અને કાયદાનુસારના ફાયર સેફટી સર્ટીફીકેટા રાખવા.

જાહેરનામાના અમલીકરણ માટે ચેકિંગ તથા ઓડીટ

ફાયર ઓફિસરશ્રીઓએ સમયાંતરે ચેકિંગ તથા ઓડીટ કરવાનું રહેશે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંધ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો :-

પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના પત્રનં એલઆઈબી/જાહેરનામું/૮૪૮/૨૬, તા.૦૭/૦૪/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પીઓએલ-૨/પો.ગ્રા/રસ્તો/જાહેરનામું/વશી/૫૫૫/૨૦૨૬(૯).-હિંમતનગર શહેર મદીના મસ્જીદ રોડ, પોલોગ્રાઉન્ડ વિસ્તારના રહીશોની તા:૧૦/૦૧/૨૦૧૩ની અરજી પરત્વે કે, પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં રહેણાંક મકાનો, ધાર્મિક સ્થળો, સ્કુલો વિગેરે હોવાથી આ વિસ્તારમાંથી પસાર થતાં રોડ ઉપર થઈ ઘણી સંખ્યામાં લોકો તથા વાહનોની અવર-જવર થતી રહે છે. મોટા ભાગના લોકો મહાવીરનગરથી બહુમાળી ભવન આવવા- જવા આ રસ્તાનો ઉપયોગ કરે છે. જેથી આ મુખ્ય માર્ગ બની ગયેલ છે. આ રસ્તા ઉપરથી ભારે વાહનો ટ્રકો, ટ્રેકટરો, ટેમ્પો જેવા સાધનો રેતી, પથ્થરો, ઈંટો, કપચી વિગેરે ભરીને મહાવીરનગર તરફ ખુબજ અવર-જવર કરે છે. જેના કારણે રસ્તામાં આવતી રહેઠાણ સોસાયટીઓ, મંદીરો, મસ્જિદો, સ્કુલો વિગેરે હોવાથી ભારે ટ્રાફીકના કારણે વારંવાર અકસ્માત થાય છે. આ સમસ્યાનુ નિવારણ લાવવુ જાહેર હીતમાં હોઈ તા:૧૬/૦૧/૨૦૧૩ના રોજ પો.અધિ.શ્રી સાબરકાંઠા, એસ.ડી.એમ હિંમતનગર, ચીફ ઓફિસર, નગરપાલિકા સંયુકત બેઠક બોલાવી આ સમસ્યા ઉકેલ લાવવા ચર્ચા- વિચારણા કરી હિંમતનગર શહેરના મોતીપુરાથી થી મહેતાપુરા એન.જી સર્કલ સુધીના રોડ ઉપર રવિવાર સિવાયના દિવસોએ સવારના ૮-૦૦ થી સાંજના ૨૦-૦૦ કલાક સુધી મોટા ભારે વાહનો પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવા તા.૨૪/૦૨/૨૦૧૦ થી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. તે મુજબ ભારે વાહનોમાં ટ્રકો, ટ્રેકટરો, ટેમ્પો જેવા ફોર વ્હિલ વાહનો હિંમતનગર-ઈડર હાઈવે રોડ ઉપર આવેલ પેરેમાઉન્ટ હોટલ સામેથી સીનેમા રોડ થઈ પોલોગ્રાઉન્ડના રસ્તે થઈ સ્વામીનારાયણ મંદીરથી-રેલ્વે ફાટકથી ખરીદ વેચાણ સંઘના પેટ્રોલ પંપ સુધીના રોડ/ રસ્તા ઉપર રેતી, પથ્થરો, ઈંટો, કપચી વિગેરે ભરીને અવર-જવર કરતાં તમામ પ્રકારના વાહનો આ રોડ ઉપરથી પસાર ન થાય અને જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તેવા હેતુસર આવા વાહનોને આ રોડ ઉપર પ્રવેશવા ઉપર તાત્કાલિક ધોરણે હંગામી રીતે પ્રતિબંધ ફરમાવવો ઉચિત જણાતો હોઈ નીચે મુજબ હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું-

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

સાબરકાંઠા, જિલ્લાના હિંમતનગર શહેર વિસ્તારના મોતીપુરાથી મહેતાપુરા એન.જી સર્કલ સુધી ભારે વાહનોને પ્રવેશવા પર પ્રતિબંધ હાલ અમલમાં છે. વધુમાં પેરેમાઉન્ટ હોટલ સામેના રોડ થી અંબર સિનેમા રોડ થી પોલોગ્રાઉન્ડ વિસ્તાર મસ્જીદ રોડથી સ્વામીનારાયણ મંદીર થી રેલ્વેફાટક, સહકાર હોલથી સંઘના પેટ્રોલ પંપ સુધી પસાર થતાં રોડ/રસ્તાઓ.

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો

ઉકત પ્રતિબંધિત વિસ્તારમાં તમામ પ્રકારના મોટા/ ભારે ફોર વ્હિલ વાહનો અને તેનાથી વધુ વ્હિલવાળા વાહનો જેવા કે ટ્રેકટરો, મીની ટેમ્પો, ટેમ્પા, મીની ટ્રક, ટ્રકો ને પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે.

જાહેરનામા મુજબ અપવાદ

ઉકત પ્રતિબંધ તમામ પ્રકારના ફોર વ્હિલ વાહનો જેવા કે ટ્રેકટરો, ટેમ્પા, ટેન્કરો, ટ્રકો વિગેરે મોટા ભારે વાહનોને પ્રતિબંધ લાગુ પડશે. આ સિવાયના અન્ય નાના કોઈ વાહનોને પ્રતિબંધ લાગુ પડશે નહિં.

ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ભારે વાહનો કે જે સરકારશ્રીની વિવિધ પોષણલક્ષી યોજનાઓ જેવી કે મધ્યાહન ભોજન યોજના, એ.પી.એલ/બી.પી.એલ/અંત્યોદય કાર્ડ ધારકો તેમજ અન્ય યોજનાઓમાં વિતરણ કરવાનું અનાજના ટ્રાન્સપોર્ટેશન માટે ઉપયોગમાં લેવાતા ભારે વાહનોને પ્રતિબંધ લાગુ પડશે નહિં.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો :

પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્ર નં.એલઆઈબી /જાહેરનામુ/૧૪૩૨/૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પીઓએલ-૨/જા.નામુ/કલમ-૧૬૩/સોના-ચાંદી રજીસ્ટર/વશી/૮૫૭/૨૦૨૬(૩).-રાજયમાં બનતા ગુનાઓમાં સોના-ચાંદીના ઘરેણાંની ચોરીના ચેન સ્નેચિંગના ગુનાઓનુ પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ આચરી ચોરી કરેલ ઘરેણાં-દાગીના- ચેનો- સોનું-ચાંદી વગેરે તથા આવા દાગીના ઓગાળીને ચોરો- લુંટફાટ કરનારાઓ સોના- ચાંદી લે- વેચ કે શો- રૂમવાળા વેપારીઓને વેચાણ-કરતા હોય છે અને સોના-ચાંદીના દુકાનદાર, શો- રૂમવાળા આવો ચોરીનો મુદ્દા- માલ વેચવા આવનારની માલીકીનો માની અજાણતામાં વેચાણ રાખતા હોય છે અને ચોરીની તપાસમાં છેવટે આવો મુદ્દા-માલ વેચાણ રાખનાર પાસે કોઈ જ માહીતી હોતી નથી. આમ અજાણતામાં હિતસંબંધ ધરાવનાર બની જાય છે અને હેરાન પરેશાન થાય છે. આવો મુદ્દા-માલ વેચાણ રાખનાર વેપારી પાસે વેચાણ આપનારના કોઈ ઓળખના પુરાવા કે કોઈ ચોકકસ નામ/સરનામાની માહીતી ન હોવાના કારણે ચોરી કરનાર (સાચા ગુનેગાર) સુધી પહોંચવામાં પોલીસને પણ ખુબજ મુશ્કેલી અનુભવવી પડે છે અને અશક્ય પણ બની જાય છે. જે બાબતે તા.૧૯/૧/૧૩ ની જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની બેઠકમાં થયેલ ચર્ચા મુજબ આવા સોના-ચાંદીના દાગીના, વસ્તુઓ, દાગીના ઓગાળીને બનાવેલ ગઠ્ઠા જેવી વસ્તુઓ વેચાણ રાખનાર દુકાનદાર આવા વેચાણ આપનારની પાસેથી તેમના ઓળખના પુરાવા મેળવી ઉપલબ્ધ રાખી, દુકાનદાર વેપારી નિયત નમુનામાં રજિસ્ટર નિભાવે તે ખુબ જ જરૂરી છે.

સબબ હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમ્રગ વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ સોના-ચાંદીના ઘરેણાં ખરીદી કરનાર વેપારીઓએ કરવાની અમલવારી

સોના-ચાંદીના ઘરેણાંની ખરીદી કરનાર તમામ વેપારીઓએ વેચાણ આપનારના ઓળખના પુરાવા મેળવી, તેની સત્યતા ચકાસી પછી જ ખરીદીનું લખાણ નામ, પુરુ સરનામું, મોબાઈલ નંબર, ટેલીફોન નંબર વિગેરે મેળવી નીચેના નમુનાના રજીસ્ટરમાં અવશ્ય નોંધવાનું રહેશે અને માન્ય તપાસ અધિકરીશ્રી તપાસ માટે માગે ત્યારે રજુ કરવાનું રહેશે.

સોના-ચાંદીના ઘરેણાં ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનુ રજીસ્ટર

દુકાનદારનું નામ/ સરનામું ..... તારીખ

અ.નં	સોના-ચાંદીના ઘરેણાંની વિગત દાગીનાનુ નામ જથ્થો/ નંગ/ કિંમત	સોના-ચાંદીના ઘરેણાં વેચનારનું નામ સરનામા/મો.ટેલી નંબરની ની વિગત	આઈ. ડી. પ્રુફની વિગત	મુદ્દા- માલ વેચાણ આપનારની સહી
૧	૨	૩	૪	૫

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પીઓએલ-૨/બોરવેલ/જાહેરનામું/વશી-૮૫૮/૨૦૨૬.-ઉપસચિવશ્રી, (કાયદો અને વ્યવસ્થા) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: વિ.૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા.૨૧/૬/૧૪ના ફેકસ પત્ર અન્વયે તથા પોલીસ અધિક્ષકશ્રી સાબરકાંઠા, હિંમતનગરે વિવિધ સ્થળોએ છેલ્લા ઘણા સમયથી ખુલ્લા બોરવેલમાં બાળકો પડી જવાની ઘટનાઓ બનતાં આ બાબત ગંભીર હોઈ તે નિવારવા માટે રાજ્ય સરકારે તકેદારીના પગલાંરૂપે પ્રતિબંધક આદેશ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૨૦/૦૬/૨૦૨૬ના કલાક ૦૦-૦૨ થી તા.૧૮/૦૮/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ સુધી નીચે મુજબની સુચનાઓની તમામ સબંધીતોએ અમલવારી કરવા હુકમ કરુ છું.

(૧) સાબરકાંઠા જિલ્લાના જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલાં સબંધીત વિભાગની મંજુરી મેળવેલ છે, તે અંગેની ખાતરી જમીન માલીક/બોરના માલિક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધીત પોલીસ સ્ટેશન અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાનિ થાય નહિં અથવા બોરવેલમાં કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલાં જેવા કે બોરને ફરતી મજબુત ફેન્સીંગવાડ/મજબુત ફરતી દિવાલ કરાવવાની રહેશે અને તે અંગેની ખાતરી જમીન માલીક/બોરના માલિક ધ્વારા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીને કરાવવાની રહેશે.

(૩) જુના તથા બંધ પડેલ અથવા અવાવરી પરિસ્થિતિ હોય તેવા બોરવેલોના જમીન માલીકોને પણ ઉપરોકત કાળજી રાખવાની રહેશે.

આ કામે હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો :-

(૧) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે) ગુ.રા., ગાંધીનગરના પત્રનં.એનજીઓ / ટેલીફોન બુથ/૧૭૦/૧૨, તા.૩/૪/૧૨

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/૧૪૩૦/૨૦૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પી.ઓ.એલ/કોલર આઈડી/વશી/૮૫૯/૨૦૨૬(૧૦).-ગુપ્તચર સંસ્થાઓ વખતો વખતના અહેવાલો તથા ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે ત્રાસવાદી / અસામાજીક તત્વો કે જેઓ ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે.આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારૂ રાજયમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડનો ઉપયોગ કરતા હોય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ ખરીદવા કે વેચવા ઉપર કોઈ ચોકકસ નિતીનુ પાલન કરવામાં આવતુ નથી. જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે

જાહેરનામા મુજબ મોબાઈલ સીમકાર્ડ વેચનાર ડિસ્ટ્રીબ્યુટરો અને વેપારીઓએ તથા ધારકોએ કરવાની અમલવારી

- સાબરકાંઠા જિલ્લાની હદમાં આવેલ મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડિસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનુ રજીસ્ટર એરીયાવાઈઝ ડિસ્ટ્રીબ્યુટરો અને જથ્થા બંધ વેપારીઓએ નિભાવવું.

- ડિસ્ટ્રીબ્યુટરો કે જથ્થા બંધ વેપારીઓ તરફથી રીટેઈલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનુ રજીસ્ટર રીટેઈલરોએ પણ નિભાવવું જેમાં જે તે નંબર કઈ વ્યકિતને વેચવામાં આવે છે ? અને સાથો સાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ વિગતવાર નોંધ કરવી.

- મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડના વેચાણકર્તા ડિસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેઈલરોની યાદી તેઓના કંપની કોડ સાથે નજીકના પોલીસ સ્ટેશન તેમજ પોલીસ અધિક્ષકની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તેની પણ જાણ કરવી.

- સાબરકાંઠા જિલ્લામાં નવીન સીમકાર્ડનું વેચાણ કરતી વખતે TRAI ની જોગવાઈઓ/ગાઈડલાઈન ધ્યાને લઈ નીચે મુજબના કોલમનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તેમજ સીમકાર્ડ ખરીદનારની આઈ.ડી. પ્રુફની નકલ મેળવવાની રહેશે.

- મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ કરવા માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોપવામાં આવે છે આવા સંજોગોમા તેવા લોકોની પુરેપુરી માહિતી મોબાઈલ કંપનીઓએ સ્થાનિક પોલીસને આપવી.

- મોબાઈલ સીમના ડિસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લા વાળાઓને આપતા જણાઈ આવેલ છે જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનુ વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એકટ હેઠળ નોંધાયેલ લાયસન્સ ધારકને જ વેચાણ આપે તેવી વ્યવસ્થા કરવી.

- મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનુ એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવુ.

નવા સીમકાર્ડના વેચાણ માટે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડનો નંબર	સીમકાર્ડ ખરીદનારનુ નામ, સરનામું	આઈ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

" જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ "

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્રનં. એલઆઈબી/જાહેરનામું/૮૬૦/ ૨૦૨૬ તા.૦૯/૦૬/૨૦૨૬

(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગરના જીસ્વાન મેસેજ નં.જી-૧/સુ.વ્ય./ટે.૨/૧૭૧૯/૦૯ તા. ૦૯/૦૭/૦૯

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પી.ઓ.એલ-૨/ઔદ્યોગિક એકમ/વશી/૮૬૦/૨૦૨૬.(૪) -સમગ્ર દેશમાં વધી રહેલ આતંકવાદી પ્રવૃત્તિઓ, ગુન્હાખોરીને ડામવાના હેતુથી તથા અપરાધીઓને સરળતાથી ટ્રેસ કરી શકાય તે હેતુથી રાજયમાં આવેલ ઔદ્યોગિક એકમો/ ફેક્ટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘર નોકર તરીકે કામ કરતા કારીગરો/ કામ કરતા મજુરો / કર્મચારીઓ અન્વયે પરપ્રાંતિય ઈસમો તથા અજાણ્યા વ્યકિત અંગેની સ્પષ્ટ અને રજેરજ ની માહિતી પોલીસતંત્ર તથા તપાસ એજન્સીઓ પાસે ઉપલબ્ધ હોય તે જરૂરી છે. જે અન્વયે નીચે મુજબ હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ અમલવારી

1. ઔદ્યોગિક એકમો/ ફેકટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘરમાં કામ કરતા નોકર/કારીગરો/કામ કરતા મજુરો/ કર્મચારીઓ અંગેની સ્પષ્ટ અને આજ રજેરજની માહિતી માલિકો/સંચાલકોએ નીચે મુજબના નમુનામાં તૈયાર કરી સબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક પુરી પાડવાની રહેશે.

2. કોઈપણ નાગરિકે કોઇ સંદિગ્ધ માહિતી જણાયેથી તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવાની રહેશે.

3. અમલવારી ન કરનાર એકમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઔદ્યોગિક એકમો/ ફેકટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘરમાં કામ કરતા નોકર/કારીગરો/કામ કરતા મજુરો/કર્મચારીઓની વિગત દર્શાવતા પત્રકનો નમુનો

ફોટોગ્રાફ

પોલીસ સ્ટેશનનું નામ :- **જિલ્લો/શહેર :-**

૧. માલિકનું નામ, સરનામું તથા ફોન, મોબાઈલનં :-

૨. ધંધાની વિગત કારખાના, ફેકટરી, યુનીટનું નામ :-

સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર

૩. કર્મચારી, કારીગર મજુરનું નામ, હાલનું સરનામું :-

તથા ઓળખચિન્હો, અભ્યાસ

૪. હાલમાં કોણ કોણ સાથે રહે છે.

૫. રહેઠાણ કંપનીએ ફાળવેલ છે કે ભાડે રહે છે?:-

૬. જો ભાડે રહેતા હોય તો પોલીસને જાણ કરેલ છે?:-

૭. કર્મચારી, કારીગર, મજુરનું વતનનું સરનામું તથા :-

ટે.નં./મોબાઈલ નંબર, જીલ્લો, ગામ પોલીસ સ્ટેશન

૮. કર્મચારી, કારીગર, મજુરની નાગરીકત્વની વિગત:-

૯. કર્મચારી, કારીગર, મજુરને નોકરીએ રાખ્યા તારીખ :-

૧૦. કર્મચારી, કારીગર, મજુર અગાઉ જે જગ્યાએ કામ :-

કરતા હોય તે માલિકનું પુરુ નામ, સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર

૧૧. કર્મચારી, કારીગર, મજુરકોના રેફરન્સ, પરિચયથી :-

નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરુ નામ

સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર

૧૨. કર્મચારી, કારીગર, મજુરના બે ત્રણ સગા સબંધીઓના :-

પુરા નામ સરનામું, વતન, સહિતના તથા ટે.નં./મોબાઈલ

નંબર

૧૩. નામ-સરનામા બાબતે ખાતરી કરેલ છે. જો ખાતરી :-

કરેલ હોય તો કોણે કરેલ છે.

સ્થળ :-

તારીખ :- **એકમ/વ્યકિતનો સહી-સિક્કો**

"જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ"

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય-ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

વાંચ્યો:

પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્ર નં.એલઆઈબી/જાહેરનામુ/૧૪૨૮/૨૦૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પી.ઓ.એલ-૨/સીકયુરીટીગાર્ડ/જા.નામુ/વશી/૮૬૧/૨૦૨૬(૬).-ખાનગી સીકયુરીટી એજન્સીના માણસો/ કર્મચારીઓ લાયસન્સવાળા હથિયારો સાથે જાહેર જગ્યામાં ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા અને જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ કરે છે. આવા ઘણાખરા હથિયારો બીજા રાજયોમાંથી ઓલ ઈન્ડીયા કે ગુજરાત રાજયની હદનુ લાયસન્સ મેળવી તેનો ગુજરાતમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે અને આવા હથિયારોનો બિનજરૂરી કારણ વગર આડેધડ ઉપયોગ કરતા હોય છે તેમજ જે સ્થળે આવા સીકયુરીટી ગાર્ડ ફરજ બજાવતા હોય તેવા કારખાના/ફેકટરીઓ ના માલીકનો વિશ્વાસ કેળવી ચોરી, લુંટ, ધાડ જેવા મિલ્કત સંબધી ગુનાઓ આચરતા હોય છે આવા પરપ્રાંતિય હથીયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયાર મેળવી સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર પ્રકારના ગુનાઓ બનવા પામેલ છે. જેથી આવા બનાવો બનતા રોકવા અથવા અંકુશ રાખવા વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી ખાનગી સીકયુરીટી ઉપર કાયદાકીય નિયંત્રણ જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ,(આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ ખાનગી સીકયુરીટી કંપની ચલાવતાં સંચાલકો અને જીલ્લા બહારના સંચાલકોએ કરવાની અમલવારી

સાબરકાંઠા જીલ્લામાં ખાનગી સીકયુરીટી કંપની ચલાવતાં સંચાલકો અને જીલ્લા બહાર ખાનગી સીકયુરીટી કંપની ચલાવતા હોય પણ તેઓની કંપનીના સીકયુરીટી ગાર્ડ અત્રેના જીલ્લામાં ફરજ બજાવતા હોય તેવી કંપનીના સંચાલકોએ તેઓની કંપનીમાં હથિયારી તથા બિનહથીયારી તથા હથીયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત નીચે મુજબના કોલમ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

૧	સીકયુરીટી ગાર્ડનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	
૨	સીકયુરીટી અથવા પેઢી/ફેકટરીનુ નામ, માલીકનુ નામ- સરનામુ તથા સંપર્ક નંબર	
૩	પરપ્રાંતિય સીકયુરીટી ગાર્ડ હથીયારી /બિનહથીયારીનું પુરૂ નામ, હાલનું સરનામું ટેલીફોન/મોબાઈલ નંબર તથા વતનનું સરનામુ. (ગામ,પોસ્ટ,તાલુકો/જીલ્લો/પોલીસ સ્ટેશન,રાજય)	
૪	સીકયુરીટી ગાર્ડ તથા હથીયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, સપર્ક નંબર.	
૫	નોકરીએ રાખ્યા તારીખ	
૬	કોના રેફરન્સ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ-સરનામું, સંપર્ક નંબર.	
૭	હથીયારી ગાર્ડના હથીયાર લાયસન્સની વિગત તથા હથીયારનું વર્ણન	
૮	હથીયાર લાયસન્સનો માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	

- પર પ્રાંતિય હથીયારી ગાર્ડના હથીયાર લાયસન્સનું વેરીફિકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળેથી અથવા માગણી કરવાથી ગાર્ડ તથા તેનું હથીયાર અને અસલ લાયસન્સ જે તે સીકયુરીટી કંપની કે ખાનગી પેઢી/ ફેકટરી વિગેરે સ્થળોએ માલીકે રજુ કરવાની જવાબદારી રહેશે.
- ખાનગી સીકયુરીટી એજન્સીના માણસો/કર્મચારીઓ લાયસન્સવાળા હથીયારો સાથે જાહેર જગ્યાઓએ હથીયાર દેખાય તેવી રીતે હરશે ફરશે નહી.
- ખાનગી સીકયુરીટી કંપની ચલાવતાં સંચાલકોએ પોતાની કંપનીના સીકયુરીટી ગાર્ડ માટે ખાખી ગણવેશ રાખી શકશે નહી અને કોઈ પણ ખાનગી સીકયુરીટી ગાર્ડ ખાખી ગણવેશ પહેરી શકશે નહી.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/૧૪૨૮૭/૨૦૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,ગુ.રા.સેકટર-૧૮, ગાંધીનગરના પત્ર ક્રમાંક-જી-૧ (ક્રાઈમ) /ટે.૧/પરચ-૬૮/૧૦/૭૨/૨૦૧૧ તા.૬/૧/૨૦૧૧

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પીઓએલ-૨/જા.નામુ/કલમ-૧૪૪/મોબા.સીમ-તબદીલી/વશી/૮૬૨/૨૦૨૬(૭).-રાજયમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે તેમજ મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ હોય છે. જે મોબાઈલ વેચનાર/ ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવા ની માહિતી હોતી નથી. આવા ગુનાઓનો ભેદ ઉકેલવો જાહેરહિત માટે ખુબજ આવશ્યક છે.

સબબ હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

"જાહેરનામા મુજબ નવો અથવા જુનો મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ ખરીદી/વેચતી વખતે વેપારીઓએ કરવાની અમલવારી"

નવો અથવા જુનો મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ ખરીદી/વેચતી વખતે મોબાઈલ ફોનમાં IMEI નંબરની સત્યતા તપાસ્યા પછી જ ખરીદી કરી બીલ/ લખાણ નામ, પુરૂ સરનામું વગેરે મેળવવાનું રહેશે, તે સિવાયના મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટની ખરીદી/ વેચી શકાશે નહિં, તથા તે અંગેની જરૂરી માહિતી નીચે જણાવ્યા મુજબના રજીસ્ટરમાં રાખવાની રહેશે.

નવો/જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત / કંપની	IMEI No	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત

નવો/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત / કંપની	IMEI No	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો :-

પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્ર નં.એલઆઈબી/જાહેરનામુ/૧૪૨૬/૨૦૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયેનું

નં.પી.ઓ.એલ-૨/ટુ વ્હીલર બિનવારસી/જા.નામું/વશી/૮૬૩/૨૦૨૬(૫).- ભૂતકાળમાં ગુજરાત રાજયમાં અમદાવાદ, મોડાસા, શહેર તેમજ બેંગ્લોર, મુંબઈ અને દિલ્હી શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાનિ તેમજ માલ મિલ્કતોને નુકસાન કરવામાં આવેલ છે. જે તમામ બનાવને જોતાં જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર વાહન પર ટીફીન બોકસ અથવા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. ભૂતકાળમાં આ પ્રકારના ટુવ્હીલર વાહન પર બોમ્બ બ્લાસ્ટનો બનાવ અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે પણ બનવા પામેલ હતો. આ સ્થિતીને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારૂ સાબરકાંઠા જીલ્લાની જાહેર જનતાને પણ સુરક્ષાની દ્રષ્ટીએ આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્સ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ ટુ-વ્હીલર વાહનો કોઈપણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી જેથી આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષાના હિતમાં નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સાબરકાંઠા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે સાબરકાંઠા જિલ્લામાં ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ-વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) બિનવારસી મુકવા નહીં.આવા ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ-વ્હીલર વાહનો બીનવારસી હાલતમાં મળી આવશે તો પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકાશે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ આદેશનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો :

- Government Of India, Ministry Of Education, New Delhi's Letter NO.F-24/1/2025-TEL, Dt.06/06/2026

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.:ડીસી/પીઓએલ-૨/પરીક્ષા/જાહેરનામું/વશી/ /૨૦૨૬.-સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (National Testing Agency) ધ્વારા NEET (UG) 2026 પુન: પરીક્ષા તા.૨૧/૦૬/૨૦૨૬ના રોજ યોજાનાર હોઈ જિલ્લાની ભૌગોલીક પરિસ્થિતિને ધ્યાને લેતાં અત્રેના જિલ્લાના કાર્યક્ષેત્રમાં આવતી વિવિધ શાળાઓ/કોલેજો ખાતે લેવાનાર પરીક્ષા સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, તેમજ વિશ્વસનીયતાનું વાતાવરણ સર્જાય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને પરીક્ષાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે તે હેતુસર તેમજ વિજ પુરવઠો અવિરત ચાલુ રહે તે માટે જે

તે પરીક્ષા કેન્દ્રના સ્થળોએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું તા.૨૧/૦૬/૨૦૨૬ના રોજ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે -

પ્રતિબંધિત વિસ્તાર અને સમય

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર NEET (UG) 2026 પરીક્ષા યોજાનાર હોઈ તા.૨૧/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાક થી સાંજના ૦૬:૦૦ કલાક સુધી નીચેની સુચનાઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

પ્રતિબંધિત કૃત્યો

(૧) સાબરકાંઠા જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ, સેલ્યુલર ફોન,પેજર,કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટવોચ કે સ્માર્ટપેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીકસ ગેઝેટસ અને અનઅધિકૃત લેખન સામગ્રી સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષાના કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ ભેગું થવું નહી કે સૂત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે બીજા અન્ય પદાર્થ લઈ જવા નહીં.

(૩) પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં પરીક્ષા સમયગાળા સુધી ઝેરોક્ષ કે અન્ય કોપીયર મશીન ચાલુ રાખી શકાશે નહીં.

(૪) પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં પરીક્ષા સમય દરમ્યાન કેન્દ્રમાં સંભળાય તે રીતે માઈક/ મ્યુઝીક વગાડી શકાશે નહી.

(૫) પોલીસ અધિકારી/કર્મચારીના સગા અથવા સંતાનો તેઓને સોંપાયેલ પેટાકેન્દ્ર ખાતે પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તો તે સ્થળે તેઓ બંદોબસ્તની ફરજ બજાવી શકશે નહીં.

(૬) પોલીસ કર્મચારીઓ કોઈ અઘટિત ઘટના બને તે સિવાય પરીક્ષા કેન્દ્રના મકાનની અંદર જઈ શકશે નહીં.

(૭) પરીક્ષા કેન્દ્રોના કેમ્પસની અંદર પરીક્ષાની કામગીરી માટે નિમાયેલ અધિકૃત સ્ટાફ તથા પરીક્ષાર્થીઓ સિવાય અન્ય અનઅધિકૃત વ્યકિતઓ માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.

(૮) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાય નહી તે માટે પરીક્ષાના દિવસે ખોદકામ (Digging) કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે

અપવાદ

પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલ અધિકારીઓ/ કર્મચારીઓ તેમનો માન્ય અધિકૃત મોબાઈલ ફોન પરીક્ષા કેન્દ્રમાં લઈ જઈ શકશે; પરંતુ આવો મોબાઈલ ફોન પરીક્ષા ખંડની અંદર કે પરીક્ષા ખંડની બહારની લોબીમાં લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી. આકસ્મિક કામગીરી સાથે સંકળાયેલ વ્યક્તિઓ પરીક્ષા કેન્દ્રના સંકુલમાં પ્રવેશવા માટે સક્ષમ ઓથોરીટીની મંજુરીથી પ્રવેશ કરી શકશે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

સદરહું આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસેથી મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટ વોચ કે સ્માર્ટ પેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીકસ ગેઝેટસ, અનઅધિકૃત લેખન સામગ્રી જેવા સાધનો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ આદેશનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં દેખી શકાય તે રીતે નકલો ચોટાડીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રમાં પ્રસિદ્ધ કરીને કરવી.

આજરોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

આમુખ:

(૧) ચીફ ઓફિસરશ્રી હિંમતનગર નગરપાલિકાના તા.૧૩/૧૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક:હિંનપા/બા.કા/૩૨૫૪/૨૦૨૨

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા, હિંમતનગરના તા.૧૭/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક:ટ્રાફિક/રેલ્વે ફાટક/જાહેરનામું ચાલુ/અભિપ્રાય/૮૬૫/૨૦૨૬

(૩) ચીફ ઓફિસરશ્રી હિંમતનગર નગરપાલિકાના તા.૧૦/૦૬/૨૦૨૬ના પત્ર જા નં.હિંનપા/બાં.કા./૧૪૬૮/૨૦૨૬

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહનવ્યવહાર નિયમન અંગેનું,

નં.પી.ઓ.એલ.-૨/હિંમતનગર નગરપાલિકા/રસ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૮૮૭/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રથી ચીફ ઓફિસરશ્રી હિંમતનગર નગરપાલિકા ધ્વારા ફાટક મુકત ગુજરાત અભિયાન હેઠળ હિંમતનગર નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં. LC-82 ઉપર રેલ્વે ઓવર બ્રિજ મંજુર થયેલ છે. જેની કામગીરી ગુજરાત શહેરી વિકાસ કંપની લી.ધ્વારા ટુંક સમયમાં શરૂ થયેલ હોઈ તે માટે ટ્રાફીક ડાયવર્ઝન કરવા વિનંતી કરેલ હતી. જે અનુસંધાને અત્રેથી જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે જાહેરનામાની અવધિ તા.૦૩/૦૬/૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ હોઈ તેમજ રેલ્વે ઓવર બ્રિજનું બનાવવાનું કામ ચાલુમાં હોઈ ચીફ ઓફિસરશ્રી, હિંમતનગર નગરપાલિકા ધ્વારા આમુખ-(૩)ના પત્રથી સદર જાહેરનામું લંબાવવા માટે રજુઆત કરેલ છે.

આમુખ-(૨)ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગર ધ્વારા હિંમતનગર નગરપાલિકા વિસ્તાર ખાતે આર.ઓ.બી. બનાવવાની કામગીરી દરમ્યાન જાહેર જનતાને ટ્રાફિક સમસ્યા ન ઉદભવે તે રીતે યોગ્ય રૂટ ડાયવર્ઝન આપવામાં આવે તો કોઈ વાંધા સરખુ ન હોવાનું જણાવેલ છે.

વાસ્તે, હિંમતનગર નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં.LC-82 ઉપર રેલ્વે ઓવર બ્રિજ બનાવવાનું કામ ચાલુમાં હોઈ ફાટક નં.LC-82 વાળો રસ્તો બંધ કરી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાના ઉપયોગ માટે અત્રેથી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામું લંબાવવું આવશ્યક જણાય છે. જેથી ફાટક નં.LC-82 ઉપર રેલ્વે ઓવર બ્રિજની કામગીરી શરૂ થયેથી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર વૈકલ્પિક રૂટ ::-

બંધ કરવાનો રસ્તો	તે માટેનો વૈકલ્પિક રસ્તો
હિંમતનગર નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં.LC-82 વાળો રસ્તો	પાંચબત્તીથી ટાવર સર્કલ થઈ ઓવર બ્રીજથી મહાવીરનગર તરફ જવાનો રસ્તો

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો :-

આ હુકમ તા. ૨૦/૦૬/૨૦૨૬ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૬/૧૨/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે. (બંને દિવસો સહિત ૧૮૦ દિવસો માટે)

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો તેમજ રાહદારીઓની અવર-જવર ઉપર પ્રતિ ફરમાવવા હુકમ કરવામા આવે છે .

-:: જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો:-

પોલીસ અધિક્ષકશ્રી,સા.કાં.ના પત્ર નં.એલ.આઈ.બી./જાહેરનામુ/૧૪૩૯/૨૬, તા.૦૯/૦૬/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પી.ઓ.એલ/વાહન નંબર પ્લેટ/જા.નામુ/વશી/૮૫૨/૨૦૨૬(૧૨).- ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે આતંકવાદી ધ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાનિ તેમજ માલ મિલ્કતને નુકસાન કરવામાં આવેલ છે. આતંકવાદી/ ત્રાસવાદી તત્વો વાહનો મારફતે મુસાફરી કરી શહેરી વિસ્તારોમાં આશરો મેળવતાં હોય છે તથા લોકોના જાનમાલની ખુવારી કરી વાહનો મારફતે મુસાફરી કરી શહેરી વિસ્તારોમાં આશરો મેળવતા હોય છે તથા લોકોના જાન-માલની ખુવારી કરી વાહનો મારફતે નાસી છુટતાં હોય છે. અમદાવાદ શહેરમાં સીવિલ હોસ્પીટલ અને એલ.જી હોસ્પીટલ ખાતે ફોર વ્હીલર વાહનોમાં મોટા જથ્થામાં એક્ષપ્લોઝીવ પદાર્થો રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી/ ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. ભુતકાળમાં પકડાયેલ આતંકવાદી ઈસમોની પુછ પરછમાં પોતાનો હેતુ પાર પાડવા ભંડોળ મેળવવા સારૂ વાહનની ચોરી કરી ખોટા નંબરો લગાવી લુંટ અને ધાડના બનાવો આચરી ભંડોળ એકત્રિત કરી તે ભંડોળનો રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ કરેલાનું જણાઈ આવેલ છે. જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી જીલ્લાના વાહનોની નંબર પ્લેટ બનાવનાર ચીતરનાર સંસ્થા/દુકાનદાર/વ્યકિતઓ ઉપર કાયદાકીય નિયંત્રણ જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧ ૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેક્ટર અને મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૧૮/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ વાહનોની નંબર પ્લેટ બનાવનાર/ચીતરનાર સંસ્થા/દુકાનદાર/વ્યકિતઓએ કરવાની અમલવારી

(૧) પ્રાદેશિક વાહન વ્યહવાર અધિકારીશ્રી ધ્વારા બહાર પાડેલ નિતી-નિયમો મુજબની જ નંબર પ્લેટ બનાવાની રહેશે તે સિવાય કોઈ ફેનસી પ્રકારના નંબરોવાળી નંબર પ્લેટ બનાવશે નહી.

(૨) નીચે જણાવ્યા મુજબના કોલમનુ રજીસ્ટર ફરીજીયાત નિભાવવાનુ રહેશે.

અ. નં.	વાહન માલિક તથા ગ્રાહકનું નામ સરનામું, સંપર્ક નંબર	વાહનનો પ્રકાર રજિસ્ટ્રેશન નંબર	વાહનના આર.સી. બુકની નકલ મેળવેલ છે કે કેમ ?	વાહન માલિક તથા ગ્રાહકના ફોટો આઈ. ડી. પ્રુફની વિગત (નકલ મેળવવી)	વાહન ઉપર નંબર સિવાય અન્ય કોઈ સ્ટીકર/લખાણ બનાવી લગાડેલ હોય તો તેની વિગત

(૩) કોઈપણ પોલીસ અધિકારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબનુ રજીસ્ટર ચકાસણી માટે રજુ કરવાનુ રહેશે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮મી જૂન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.29 17:25:52 IST